બાળવિજ્ઞાન પ્રસ્તુત

# દાદા ભગવાન

## ભાગ-૨



# પ્રસ્તાવના

'દાદા ભગવાન' વર્તમાન યુગના અજોડ આત્મજ્ઞાની પુરુષ હતા. એમને બાળપણથી જ આત્માને ઓળખવાની, પરમ તત્ત્વને પ્રાપ્ત કરવાની લગની હતી. રોજિંદા જીવનમાં બનતા દરેક પ્રસંગનું તેઓ વૈજ્ઞાનિક રીતે પૃથ્થકરણ કરતા, તેની પાછળની ભ્રામક લૌકિક માન્યતાઓથી દૂર રહી સાચી સમજણ અપનાવતા. એ રીતે એમણે પોતાનું જીવન તદ્દન નિરાળી ઢબે જ કંડાર્યું હતું. બાળપણ તથા યુવાનીના તેમના જીવનના કેટલાય પ્રેરણાદાયી પ્રસંગો તેમના આવા 'સંશોધક' હૃદયને વાચા આપે છે.

સૌ કોઈને માટે દાદા ભગવાનની વાતો ખૂબ સુંદર દિશાસૂચન કરશે તેમજ જીવનનું ધ્યેય સમજવાની પ્રેરણા આપશે. એમના જીવનના પ્રેરણાદાયી પ્રસંગોનો હૃદયસ્પર્શી પરિચય આ પુસ્તિકા કરાવે છે.

'દાદા ભગવાન'ના જીવન પ્રસંગોને એમના જ શ્રીમુખે નીકળેલી વાણીમાંથી તે જ રૂપે ચિત્રાંકિત કરવાનો પ્રયત્ન કર્યો છે. આપને આ પુસ્તિકામાં ચિત્ર કે લખાણમાં કંઈ પણ ત્રુટિ લાગે તો તે સંકલનકર્તાની છે. આવી કંઈ પણ ક્ષતિ રહી ગઈ હોય તો તે માટે અમો આપના ક્ષમાપ્રાર્થી છીએ.

– જય સચ્ચિદાનંદ


પ્રકાશક :
શ્રી અજીત સી. પટેલ
મહાવિદેહ ફાઉન્ડેશન
૫, મમતાપાર્ક સોસાયટી, નવગુજરાત કોલેજની પાછળ.
ઉસ્માનપુરા, અમદાવાદ-૩૮૦૦૧૪, ગુજરાત, ભારત.
ફોન : (૦૭૯) ૨૭૫૪૩૯૭૯, ૨૭૫૪૦૪૦૮.

મુદ્રક :
મહાવિદેહ ફાઉન્ડેશન (પ્રિન્ટીંગ ડિવિઝન)
પાર્શ્વનાથ ચેમ્બર્સ ભોંયરામાં, નવી રિઝર્વ બેંક પાસે,
ઈન્કમટેક્ષ, અમદાવાદ-૩૮૦૦૧૪, ગુજરાત, ભારત.
ફોન : (૦૭૯) ૨૭૫૪૨૯૬૪, ૩૦૦૦૪૮૨૩

પ્રાપ્તિ સ્થાન :
ત્રિમંદિર, સીમંધર સીટી, અમદાવાદ-કલોલ હાઈવે, અડાલજ,
જીલ્લો : ગાંધીનગર – ૩૮૨૪૨૧. ગુજરાત, ભારત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૦૩૪
email : balvignan@dadabhagwan.org
website : www. dadabhagwan.org
kids.dadabhagwan.org

પ્રથમ આવૃતિ : ૫,૦૦૦ કોપી    નવેમ્બર ૨૦૦૯
મૂલ્ય : ભારત રૂા. ૩૫, US $ 3.5 / GB £ 2.0




© : All Rights Reserved - Mahavideh Foundation
Address as above

# દાદા ભગવાન

## ભાગ – ૨



"દાદા ભગવાન"ના નામે જાણીતા થયેલા અંબાલાલભાઈ મૂળજીભાઈ પટેલના લગ્ન અભ્યાસકાળ દરમ્યાન ૧૮ વર્ષની વયે થઇ ગયાં અને એમના ધર્મપત્ની "હીરાબા"ની સાથે એમણે ગૃહસ્થ જીવનની શરૂઆત કરી.



અંબાલાલભાઈએ પૂર્વભવમાં પોતાના "બુદ્ધિના આશય"માં જેવી ડિઝાઇન ચીતરેલી, બરાબર એવાં જ હીરાબા એમને પત્નીરૂપે મળ્યાં. આમ બહુ ભણેલાં નહોતાં, પણ રસોઇ કરવામાં અને ઘર ચલાવવામાં નિપુણ અને પાવરધાં. હીરાબા ભોળાં અને ભદ્રિક હતા. આધુનિક જમાના પ્રમાણે રંગાયેલાં નહોતાં.



હીરાબાએ કોઈ દિવસ કોઈ વસ્તુ વસાવવાની કે કોઈ કપડાં કે દાગીના માટે
ફરિયાદ કે માંગ કરી નથી. કોઈ મોહ જ નહીં.





અંબાલાલભાઈને શોખ હતો એક માત્ર કપડાંનો જ ! ફર્સ્ટ કલાસ કપડાં સીવડાવવાની ને
પહેરવાની ટેવ. સત્તર વર્ષના હતા ત્યારથી તેઓ લાંબો કોટ પહેરતા !




અંબાલાલભાઈ મિત્રો સાથે સિનેમા જોવા જાય, ત્યારે હીરાબા એમની સાથે જતાં નહીં.
બીજા મિત્રોની પત્નીઓ બનીઠનીને સિનેમા જોવા જતી.
राजा हरिश्चंद्र
મારા બધા મિત્રોની પત્ની ભણેલી છે. તેમના ધણી સાથે ખભેખભા મિલાવી સિનેમા જોવા જાય છે. હું હીરાબાને કહુ છું તો પણ મારી સાથે આવતાં નથી.
એકવાર એક મિત્ર અંબાલાલભાઈને ત્યાં મળવા આવ્યા. બન્ને જણા વાતોએ વળગેલા તેવામાં હીરાબા આવીને ચા મૂકી ગયા.
અરે અંબાલાલભાઈ ! તારા જેવો તો કોઈ સુખી નથી ! તારા પત્ની તો તરત જ ચા પણ બનાવી લાવ્યા. કોઈ ફરિયાદ નહીં ! ક્યારેય તારી સામું પણ નથી બોલતા !
અરે ! મારી મૂંઝવણનું મને સમાધાન મળી ગયું. હીરાબા મોર્ડન નથી તો મારે કેટલું સારું છે !



એક વાર રાત્રે સિનેમા જોઈ ઘરે પાછા ફરતાં બાર વાગે અંબાલાલભાઈ એક મિત્રને મળવા ગયા.
આ અડધી રાત્રે મળવા આવ્યા છે, તે ચોક્કસ એને પૈસા-બૈસા જોઈતા હશે ! નહીં તો આવા સમયે ક્યારેય આવ્યા નથી.
આ મિત્ર મોઢેથી તો આવકારે છે પણ એની દૃષ્ટિ કંઈક બદલાયેલી લાગે છે. કંઈ શંકા છે એવું દેખાય છે.
ઓ હો હો ! અંબાલાલભાઈ ! આવો,આવો. આજે કેમ કંઈ આ સમયે આવવાનું થયું ?
સિનેમા જોઈને જતો હતો તો તને મળવાની ઇચ્છા થઈ કે ઘણા વખતથી મળ્યા નથી તેથી આવ્યો છું.
ચા-પાણી કરીને છૂટા પડ્યા.
અંબાલાલભાઈ તો માત્ર મળવાના બહાને ત્યાં ગયા હતા. પૈસા માંગવા જવાનો ઇરાદો તો કોઈ હતો જ નહીં. ઘરે આવ્યા પછી પણ એમને કંઈ ચેન પડ્યું નહીં. વિચારધારા ચાલી અને રાત આખી પાસું ફેરવવામાં પસાર કરી.
આ જગતના લોકોને દૃષ્ટિ બગાડતા વાર નહીં લાગે માટે તે લોકોને એક એવું નિર્ભય પદ આપો કે એમની પછી દૃષ્ટિ બગડે જ નહીં.
જુઓ મિત્રો તમે કંઈ મુશ્કેલીમાં મુકાયા હો તો જરૂરથી મારા ઘરના બારણાં ખખડાવવાં હં ! તે પણ અડધી રાત્રે છૂટ છે. હું તમને મદદ કરીશ. પણ હું આવું અડધી રાત્રે તો એમ ના ધારી લેતા કે અંબાલાલ કંઈક લેવા આવ્યો છે. મારા આ હાથ છે તે કાયમ દેવા માટે જ છે. લેવા માટે નથી.
કેમ આવો અહંકાર કરો છો અંબાલાલભાઈ ?
હું તમારે ત્યાં અડધી રાત્રે પણ આવું અને જો તમારો ભાવ બગડે તે મને નહીં પોસાય. એટલે હું તમને નિર્ભયપદ આપું છું. મારે તમારી પાસેથી કશું જ જોઈતું નથી. તમે બધા નિર્ભય રહેજો.




* સુપર હ્યુમન – મહામાનવ

** અનુકંપા – દયા



અંબાલાલભાઈ જ્યારે ૧૯ વર્ષના હતા, ત્યારે તેમના પિતા મૂળજીભાઈની તબિયત બગડી. મોટાભાઈએ અંબાલાલભાઈને કહ્યું...
અંબાલાલ, તું ધંધાનું કામ સાચવજે.હું ભાદરણ જઇને બાપુજીની ખબર કાઢી આવું છું.
મોટાભાઈના ગયા પછી અંબાલાલભાઈએ તો તે દિવસનું જે કામ બધા માણસોને સોંપવાનું હતું તે બધું સોંપી દીધું.
લાવ ને, હું પણ બાપુજીની ખબર કાઢી આવું.
સહજ ભાવ ઊભો થતાં અંબાલાલભાઈ તો તરત ઊપડી ગયા અને ગાડીમાં બેસીને ભાદરણ જવા નીકળ્યા. ત્યાં એમના મોટાભાઈ બોરસદમાં સામે ભેગા થયા.
અરે ! અંબાલાલ, તું પણ આવી પહોંચ્યો કે ?
હા મોટાભાઈ, મને મહીંથી વિચાર આવ્યો કે જાઉં, તેથી બધાને કામ સોંપીને આવ્યો છું.
તો હવે તું બાપુજી પાસે ઘરે જા અને હું વડોદરા કામ પર પાછો જાઉં છું.
અંબાલાલભાઈએ ઘરે પહોંચીને બાપુજીને પ્રણામ કર્યા. જાણે એમના આવવાની વાટ જોતા હોય એમ પિતાશ્રીએ તે રાત્રે દેહ છોડી દીધો.પિતાશ્રીને ખભે ચઢાવીને લઈ જવાનું કાર્ય અંબાલાલ ભાઈને ભાગે આવ્યું.
૧૯ વર્ષની જુવાનજોધ ઉંમરે પિતાજી ગયા, અંબાલાલભાઈને પિતાની ઓછી સેવા કરવાનો લાભ મળ્યો હતો. તેઓ માનતા, “ મા-બાપની સેવા એ પ્રત્યક્ષ ભગવાનની સેવા કરવા બરાબર છે. મા-બાપની હસતે મોઢે સેવા કરવાથી કોઈ દુ:ખ ના આવે અને ખૂબ પુણ્ય બંધાય.”


ભાદરણમાં ખેતરોમાં ફરવા માટે મોટાભાઈએ એક ઘોડી રાખેલી. કોઈકવાર અંબાલાલભાઈને પણ ઘોડેસવારી અજમાવી જોવાનું મન થતું. તેમાં એકવાર તેઓ ઘોડી પરથી પડી ગયેલા.





અંબાલાલભાઈ કહેતા કે જે આપણને કંઈક નવી વાત શીખવી જાય તે આપણો ગુરુ ! એ રીતે આખી દુનિયાના શિષ્ય થવાનો અંબાલાલભાઈમાં બહુ જ ઊંચો ગુણ હતો !

સન ૧૯૨૮માં અંબાલાલભાઈને ત્યાં દીકરાનો જન્મ થયો. "નવા આવનાર"ની વધામણી અર્થે અંબાલાલભાઈએ મિત્રોને પેંડા વહેચ્યાં. બાળકનું નામ "મધુસૂદન" પાડ્યું. ખૂબ જ હસમુખો અને રમતિયાળ હતો એ દીકરો.






અંબાલાલભાઈના મોટાભાઈ મણિભાઈને કોઈ સંતાન નહતું. એ નાના મધુસૂદનને ખૂબ જ વ્હાલથી રમાડતા.



મણિભાઈ દેખાવમાં ભવ્ય હતા. સુબા, ફોજદાર બધા ફફડતા હતા. ભાઈ-ભાભીને આખી પોળ રાજા-રાણી કહે. આમ તો મણિભાઈ સિંહ જેવા હતા. બહાર નીકળે ને તો સો માણસ આઘુંપાછું થઈ જાય એટલો એમનો પાવર. અંબાલાલભાઈ પણ ગભરાતા.





એકવાર અંબાલાલભાઈને વિશ્વામિત્રી સ્ટેશનથી સાંજે પાંચ વાગે ટ્રેન પકડીને કોઇ ધંધાકીય કામ અંગે જવાનું હતું. સાથે એક નોકરને રાખેલો.






અંબાલાલભાઈને જ્યાં જ્યાં ઉપાધિ ઊભી થાય ત્યાં એમને અંતરસૂઝ પડે કે હવે શું કરીશું. કામકાજ અંગે એક હજાર રૂપિયા ખિસ્સામાં લઈને નીકળેલા. આજના જમાનાના એક લાખ રૂપિયા થાય.

બન્ને જણા પગે ચાલીને નીકળ્યા.આઠ માઇલ ગયા પછી પાદરા ગામ આવ્યું. ત્યાં બન્ને જણે ચાનાસ્તો કર્યો.




* બાવડી - તળાવ

** બહારવટિયા - લૂંટારા



બન્ને જણા અંધારામાં રેલ્વેના પાટે પાટે ચાલવા લાગ્યા. એમને જવાનું હતું તે ગામના રેસ્ટહાઉસ સુધી પહોંચવા માટે હવે પા કલાકનો રસ્તો જ બાકી રહ્યો હતો. ત્યાં એક બાવડી આવી. બાવડી પાસે ચાર-પાંચ જણા બેઠેલા જોયા. અંધારી રાત્રિમાં તારલિયાઓના અજવાળામાં બુકાની બાંધેલા બહારવટિયાઓ ભયાનક દેખાતા હતા.
સાહેબ,હવે આપણું શું થશે ?
ચૂપ ! મારી પાછળ પાછળ ચાલ્યા કર.
હં .... વાત તો સાચી છે. ખરેખર, અહીં નીચે જ બધા બેઠેલા છે !
પાટાની આસપાસના સ્લોપ પરથી ઉતરીને અંબાલાલભાઈ નિર્ભયપણે બહારવટિયા બેઠેલા તેમની સામે ગયા. પેલો નોકર પણ પાછળ પાછળ ગયો.
અલ્યા, ક્યાંથી આવ્યો ?
આ તો ટિકિટના પૈસા નહોતા એટલે ચાલતા ચાલતા આવ્યા છીએ તમે મળ્યા તો સારું થયું. ચાલો નિરાંતે બીડી પીએ.
બીડી સળગાવી દો ને ! મારી માચીસ ખલાસ થઈ ગઈ છે. માચીસ આપો ને !
અંબાલાલભાઈએ બીડી ધરી અને એક બહારવટિયાએ તે સળગાવી આપી.
ચાલ અલ્યા,સળગી ગઈને ? હવે ઊઠ, અહીંથી હેંડતો થા !
આની પાસે તો માચીસના ય પૈસા નથી. આ તો માથે પડે એવો છે.


આગળ અંબાલાલભાઈ અને પાછળ નોકર એમ બન્ને ત્યાંથી ચાલી નીકળ્યા.
હાશ..ફાવી ગયા ! થોડી કઠોર ભાષા સાંભળવી પડી એટલું જ. બાકી બધું સલામત તો રહ્યું !
અંબાલાલભાઈને આવી અંતરસૂઝ પડી જતી આ જરાક નાટક કરીશુંને એટલે જવા દેશે એટલે નાટક કરવાનું. આ આખી દુનિયા પણ એક નાટક જ છે ને !!! અને અંબાલાલભાઈને આવી બધી બોધકળા આવડતી.
અંબાલાલભાઈ જુવાનીના જોશમાં હતા, મિલકત ઓછી અને અહંકાર જરા ભારે હતો. કોઈ કશી ટકોર કરે તો સહન થાય નહીં. એક દિવસ ભાભીએ અંબાલાલભાઈને પૂછ્યું.........
આપણાં ધંધામાં કેટલી કમાણી છે ?
હિસાબ માંગનાર તમે કોણ ?
આ વાત ક્યાંથી લાવ્યા આપણા ઘરમાં ? ઘરની સ્ત્રીઓએ ધંધાનો હિસાબ ન મંગાય. હું હિસાબ નહીં આપું.
પછી જમતી વખતે .....અંબાલાલભાઈ ખાવાના શોખીન હતા. ઘી બધું વધારે જોઇએ.
લો આ ઘી...
આ વેઢમીમાં તો ઘી બરાબર જોઇએ. આ શું આમ ચમચી ચમચી આપો છો ?
બળ્યું આના કરતાં તો આપણી મેળે સ્વતંત્ર કરી લઇએ તે સારું. જે કરીએ તે આ ભાભીના દબાયેલું રહેવું તો ના પડે.


એ વખતે અંબાલાલભાઈ શેઠિયાઓની જેમ લૉંગ કોટ પહેરતા હતા. અંબાલાલભાઈએ એમના કોટના ગજવામાંથી જે દસ–વીસ રૂપિયા હતા તે મોટાભાઈના ગજવામાં મૂકી દીધા.
મોટાભાઈને એમ ના થાય કે ધંધાના રૂપિયા હતા ને એ લઈ ગયો. આમેય આ રૂપિયા પર ભાઈનો જ અધિકાર છે અને કોઈ પાછળ આરોપ ના કરે કે રૂપિયા લઈને ગયો.
અંબાલાલભાઈ તો વડોદરા સ્ટેશને ચાલતા નીકળી ગયા.
અંબાલાલભાઈ, ક્યાં જાવ છો ?
અરે ! આ તો જયંતિ, ચાલો મારું કામ થઇ જશે.
અરે ! કોટ બદલાઈ ગયો છે, પૈસા પેલા ગજવામાં રહી ગયા. તારી પાસે હોય તો એક રૂપિયો તું મને ઊછીનો આપ.
વડોદરા
અરે ! બે લઈ જાવ.
જિંદગીમાં કોઈની પાસે હાથ લાંબો નહીં કરનાર અંબાલાલભાઈએ પહેલી વખત છેવટે મિત્રનો ૧ રૂપિયો લીધો.
રેલ્વેસ્ટેશન પર અમદાવાદની ટિકિટ લેવા ગયા. અમદાવાદમાં એક જમનાદાસ નામનો મિત્ર રહેતો હતો.અંબાલાલભાઈએ પહેલાં એની મુશ્કેલીમાં મદદ કરી હતી. સરનામું તો હતું નહીં પણ શોધી કાઢીશું એમ એમણે વિચાર્યું.
એક અમદાવાદની ટિકિટ આપજો ને.
સરકારે ભાડું વધાર્યું છે, એક રૂપિયો ને એક આનો કર્યો છે.
આ તો ફજેત થઈ. હવે એક આનો ક્યાંથી લાવવો ?




★ ખુદાબક્ષ – વગર ટિકિટે મુસાફરી કરનાર


ગાડી અમદાવાદ પહોંચી ત્યારે અંધારું થઇ ગયેલું. હવે સરનામું નહી,ગજવામાં પૈસા નહી,સૂવું તો ક્યાં? રહેવું ક્યાં? મિત્ર જમનાદાસનું ઘર ખોળી કાઢે જ છૂટકો હતો. એટલું ખબર હતી કે કોલસાના વેપારી છે.
ક્યાં આગળ કોલસાના વેપારી ભેગા થાય ? કદાચ કોઈ હોટલવાળો એમનો ઘરાક હોય.
એટલે હોટલે હોટલે પૂછતા પૂછતા ગયા. છેવટે એક જગ્યા પર......
હા ભાઇ જમનાદાસ, કોલસાના વેપારી, ઢાળની પોળમાં રહે છે.
ઢાળની પોળમાં પહોંચતા....
“જમનાદાસ, જમનાદાસ !”
જમનાદાસ ઊછાળા મારતા ખુશખુશ થતા નીચે આવ્યા.
ઓહોહો ! અંબાલાલભાઈ મારે ત્યાં આવ્યાં.
હું ઘરેથી નાસીને આવ્યો છું, એમ ને એમ નથી આવ્યો.


જમનાદાસે પોતાની સાથે કોલસાના ધંધામાં જોડાવા માટે કહ્યું. પણ અંબાલાલભાઇને કોન્ટ્રાકટના ધંધાની ફાવટ હતી એટલે બીજા ધંધામાં હાથ ઘાલ્યો નહીં. બીજે દિવસે સવારે એક કોન્ટ્રાકટના ત્યાં ગયા.
તમારા કોન્ટ્રાકટના ધંધામાં હું તમને મદદ કરીશ.હું તમારા નોકર તરીકે રહેવા માંગતો નથી.
ફક્ત મારા ખર્ચ જોગું જોઇએ તે હું મારી મેળે ઉપાડ કરું. અને તેમાં તમારે જો અનુકૂળ આવે તો બીજે મહિને હા પાડજો. તમારી ડખલ નહીં જોઇએ કોઇ જાતની.
સારું. આપણે ત્રણ આની પાર્ટનરશીપથી ચાલુ કરીએ.
પણ બીજે જ દિવસે તો મોટાભાઇ ગાડી લઇને અંબાલાલભાઇને પાછા લઇ જવા આવી પહોચ્યા.
અંબાલાલ કેમ આમ? આવું આ તો શોભાસ્પદ થાય છે ?
આવું ના થાય છતાં થઇ ગયું. મને ત્યાં અનુકૂળ નહીં આવે.
કેમ ના આવે ?
મોટાભાઇની મર્યાદા ના છોડાય. હવે પાછું ગયે જ છૂટકો !
અંબાલાલભાઇ મોટાભાઇ સાથે પાછા ઘરે આવી જાય છે.


એક વખત .....
મને તો આખું જગત 'માની' કહે છે પણ તું તો મારા કરતાં યે ચડે એવો 'માની' છું.
મારામાં ક્યાં માન દેખાય છે ? માની તો તમે છો !
મોટાભાઈ, તમને શેમાં મારું માન દેખાય છે?
દરેક બાબતમાં તારું માન હોય છે.
લાવ તપાસ તો કરું, ક્યાં મારું માન હોય છે?
તે પછી તપાસ કરતાં એમને બધી જ બાબતમાં પોતાનું માન જડ્યું. જેમ કે......
બધા મને 'અંબાલાલભાઈ, અંબાલાલભાઈ' કહે છે અને પેલાએ મને 'અંબાલાલ' કહ્યું ! શું સમજે છે? શું અંબાલાલભાઈ ના બોલાય એનાથી?
લોકો તો મને કહે છે કે તમે સુખી છો પણ હવે મને ખબર પડી કે આ અહંકાર જ મને રાત્રે નિરાંતે ઊંઘવા નથી દેતો. અને કૈડે છે. મોટાભાઈની વાત સાચી હતી.
અંબાલાલભાઈ એ દિવસથી સમજી ગયા કે અહંકાર આપણો મિત્ર નથી પણ દુશ્મન છે અને એમાં કશી મઝા નથી.


અંબાલાલભાઈ અને આઠ – દસ મિત્રો સાંજ પડે ભેગા થાય અને વાતચીત કરે. દરરોજની એમની બેઠક. એમાં વિવિધ ધર્મો સંબંધી વાતો પણ કરતાં.
એમાંના એક હતા શ્રી કાંતિભાઈ. એમનો સ્વભાવ અંબાલાલભાઈને માફક આવે એવો હતો.
અંબાલાલભાઈ, આપણે ભાગીદારીમાં કોન્ટ્રાક્ટનો ધંધો કરીશું?
ભલે...ત્યારે મને મંજૂર છે.
એમના જેવી ભાગીદારી તો દુનિયામાં જડે નહીં. કોઈ દિવસ બન્ને વચ્ચે વાદવિવાદ થયો નહતો. કોઇ દિવસ એકબીજાને હિસાબકિતાબ પૂછ્યા નથી.


અચાનક મોટાભાઈનું મૃત્યુ થયું. ભાભી બહુ નાની ઉંમરમાં વિધવા થઈ ગયાં.
ભાભી, તમને સહેજ પણ દુઃખ નહીં પડવા દઉં.
હીરાને મેં બહુ દુઃખ આપેલું, તે હવે મને દુઃખ આપશે.
ના ! ભાભી, તમે નિશ્ચિંત રહેજો. આપણે પ્રેમથી સાથે રહીશું.
હીરાબા પહેલેથી ઘણાં ઉદાર મનનાં હતાં.
આ ઘર બધું તમે જ રાખો.
બહેન ! આખી નાતમાં આવો કોઈ દિયર મળે નહીં. કોઈ આટલી સારી રીતે સાચવે નહીં, ખાલી માબાપ જ સાચવે.
ભાભી કહેતાં, “મને તો લક્ષ્મણ જેવા દિયર મળ્યાં છે. જેમ લક્ષ્મણે સીતાજીની મર્યાદા સાચવી હતી તેવી જ મારી મર્યાદા સાચવી છે.”



૧૯૨૮ની સાલમાં એક વખત અંબાલાલભાઈ એમના મિત્રો સાથે સિનેમા જોવા ગયા હતા.
અરેરે ! આ સિનેમાથી તો આપણા સંસ્કારોનું શું થશે ? અને શી દશા થશે આ લોકોની?
શું થવાનું છે આ હિન્દુસ્તાનનું ?
શું આ વિચારનો ઉપાય છે આપણી પાસે ? કોઈ સત્તા છે આપણી પાસે ? સત્તાની બહાર હોય અને પાછળ મથ્યા કરીએ એ તો અહંકાર છે.
પણ એમની વિચારધારામાં હંમેશા પોઝીટીવ દૃષ્ટિનો પ્રભાવ રહેતો તરતજ એમને અવળામાંથી સવળું જડી જતું.
જે અવળું જલદી પ્રચાર કરી શકે છે તે સવળું પણ એટલી જ ઝડપથી પ્રચાર કરશે. માટે સવળાના પ્રચારને માટે આ સાધનો બહુ સારામાં સારાં છે.

અંબાલાલભાઈના વિચારોમાં જે ભાવના પ્રગટ થયેલી, તેને આજે આપણે સાકાર થતી જોઈએ છીએ. ટી.વી. અને વીસીડી–ડીવીડીના માધ્યમ દ્વારા સત્સંગની કેટલીય સવળી અને ઉપયોગી વાતો દુનિયાને ખૂણે ખૂણે આમ જનતાને અસરકારક રીતે પહોંચાડી શકાઈ છે.




તે જમાનામાં રસ્તાઓ વાળવા માટે અને કચરો ઉપાડવા માટે જે લોકો આવતા, તેમને સમાજમાં ઉતરતા ગણતા. તેમનો ખૂબ તિરસ્કાર થતો અને અપમાનજનક રિવાજો હતા. આ બધું જોઈને અંબાલાલભાઈને ખૂબ લાગી આવતું અને ખૂબ દુ:ખ થતું. સમાજની નીતિનો વિરોધ કરવા એમનું ક્ષત્રિય લોહી ઊકળી ઊઠતું.




સાથે સાથે વિધવા સ્ત્રીનો તિરસ્કાર પણ એમને બહુ ખૂંચતો.



અંબાલાલભાઈને એવું લાગતું કે હિન્દુસ્તાનનાં પતનનું કારણ આ બધા લોકોનો તિરસ્કાર જ છે. આવા કુરિવાજોમાંથી હિન્દુસ્તાને મુક્ત થવું જ રહ્યું, તો જ આ દેશ ઉપર આવશે.



અંબાલાલભાઈમાં એક અનોખો ગુણ હતો – કોઈના પણ માન્યામાં ના આવે એવો ! એ જાણી જોઈને છેતરાતા ! એમનાં માતૃશ્રી ઝવેરબાની વર્તણૂંકનું નિરીક્ષણ કરીને એમની પાસેથી એ ગુણ શીખ્યા હતા. એકવાર દુકાનમાં એક કાકા માટે ખરીદી કરવા ગયા, એ ભાવતાલ કરવા ન બેસે.
આ ધોતી જોટો ખરીદવાનો છે. એની શું કિંમત છે?
તમારી પાસેથી વધારે કિંમત નહીં લઉં. કપડું તો જુઓ એકદમ ફર્સ્ટક્લાસ આપીશ.
આ જરૂર મારી પાસેથી બે આના વધારે જ માંગે છે. પણ વાંધો નહીં. એ બહાને એને સારી કમાણી થશે તો એ પણ રાજી રહેશે ને?
કાકાને આ કિંમત કહીશ તો એમનું મન દુભાય, એવું તો મારાથી ના જ કરાયને ? એમને કિંમતમાં બે આના ઓછા જ કહીશ. પૈસા તો મારા ઘરના એડજસ્ટ કરી લઇશ.
અંબાલાલભાઈનો પ્રિન્સિપલ (આદર્શ) એ હતો કે સમજીને બન્ને બાજુથી જાણીને છેતરાવ. બાકી કોઈ એમને મૂરખ બનાવી જાય અને છેતરી જાય, એ વાતમાં માલ નહોતો. આમ કરવાથી એમનું બ્રેઈન (બુદ્ધિ) ટોપ પર પહોંચી ગયું. મોટા મોટા જજોનું બ્રેઈન (બુદ્ધિ) કામ ના કરે એવું કામ કરતું થઇ ગયું. પોતે જાણીને છેતરાઈને પણ સામાને સુખ સંતોષ આપવાની આ કેવી નોબિલિટી (ઉદારતા) કહેવાય !


પુત્ર જન્મના ત્રણેક વર્ષ પછી ............
અરે અંબાલાલભાઈ, આજે તમે કઇ ખુશખબરના પેંડા વહેંચવા આવ્યા છો?
અરે, તમે પહેલાં પેંડા ખાવ તો ખરા ! પછી બધી વાત કરું.
ફરી શુભ સમાચાર આપવા આવ્યા છો કે શું ?
ના, એવી વાત નથી. તે દિવસે જે મહેમાનની વધામણીમાં પેંડા વહેંચેલા ને? તે મહેમાન આજે ગયા !
હેં ! શું વાત કરો છો ? શું તમારા પુત્રનું અવસાન થઇ ગયું? પરંતુ આવા ગમગીનીના સમાચાર વખતે કંઇ પેંડા વહેંચવાના હોય?
જેટલા માનભેર એ ગેસ્ટ(પુત્ર)ને ઘરમાં બોલાવેલા, એટલા જ માનભેર એમને વિદાય કર્યા.


પછી એમને ઘરે પુત્રીનો પણ જન્મ થયો હતો. દીકરી રૂપાળી હતી અને 'કપિલા' નામ પાડેલું. છ મહિનાની કુમળી વયમાં જ એનું પણ અવસાન થયું.અંબાલાલભાઈએ દીકરીના જન્મ વખતે તથા મૃત્યુ વખતે પણ દીકરા વખતે કરેલું તે મુજબ જ પેંડા વહેંચ્યા.






દુ:ખના ભારથી બચવાનો આ કેવો સુંદર અને સચોટ દૃષ્ટિકોણ ! અંબાલાલભાઈએ એવી જ સમજણ કેળવેલી કે સંતાન હોય તો પણ ભલે અને ના હોય તો પણ ભલે ! આ દુનિયામાં દરેક જીવ કુદરતના મહેમાન જ છે ને? ત્યારબાદ અંબાલાલભાઈ અને હીરાબા બે જ રહ્યા ! વધુ સંતાન એમને થયાં ન હતા.


અંબાલાલભાઈને એક વખત એમને ધંધા માટે વહેલી સવારે ઊઠીને ગાડી પકડવાની હતી. એ જમાનામાં 'એલાર્મ ક્લોક' હતી નહીં પણ અંબાલાલભાઈની અંતર સૂઝ ખૂબજ ઊંચી હતી. એમણે નવો અખતરો અજમાવાનું વિચાર્યું!
આ પાણી દરરોજ ૬ વાગે આવે છે તો નળ ખુલ્લો મૂકી દઉં અને નીચે આ થાળી મૂકું એટલે મોટો અવાજ થશે અને હું જાગી જઈશ !
અંબાલાલભાઈ તો આમ વિચારીને સૂઈ ગયા.
ઓ હો હો ! આ તો સાડા સાત વાગી ગયા ! ગાડી તો ગઈ અને આ પાણી ક્યારનું જાય છે !!
અંબાલાલભાઈએ વિચાર્યું કે આમ કેમ થયું ?
રાત્રે ૧૧:૩૦ વાગે તો હોટલમાં ફર્સ્ટ ક્લાસ નાસ્તા પાણી કર્યા હતા અને ભાઈબંધો સાથે મોડે સુધી ગપ્પા માર્યા હતા. તે પછી વહેલી સવારે તો ભારે ઊંઘ આવી જ જાય ને ! આટલો મોટો ધળ ધળ અવાજ કેવી રીતે સંભળાય ?!
પાછળથી અંબાલાલભાઈને સમજાયું કે અવાજ ગમે તેવો મોટો હોય પણ ત્યારે જાગે તેને ખબર પડે ને ! એમ આપણે પણ જુવાનીની અજાગૃતિમાં કેટલું બધું ખોઇ નાખીએ છીએ ! કુદરત ઘણી ટકોર (અવાજ) કરે છે પણ ભાન આવતું જ નથી !

એકવાર કોઈ કન્સ્ટ્રક્શનની સાઇટ ઉપર ગયા હતા તો, એક જણના ઘરમાં મરઘી કપાતી હતી, ત્યારે કતલથી બચવા તરફડાટ કરતી તે મરઘીની દર્દભરી ચીચિયારી અચાનક એમના કાને પડી.



જીવમાત્રની અનુકંપાથી ભરેલું એમનું હૃદય એટલું તો હચમચી ગયું કે છેક ત્રણ વર્ષ સુધી જાણે એ ચીસ એમના કાનમાં ગૂંજ્યા કરતી હતી !



માંસાહાર કેટલું અનિષ્ટ નોંતરે છે એ ખ્યાલ એમના હૃદયમાં દૃઢ થઈ ગયો ! પછી તેઓ બીજાને કહેતા કે તેને કાપતા જો તારું હૃદય હા પાડે તો તું માંસાહાર કરજે, નહીં તો તારા હૃદય ઉપર અસર થશે.



વાંચનમાં અંબાલાલભાઈ સારો એવો સમય ગાળતા. તેમાં પણ ધાર્મિક અને આધ્યાત્મિક પુસ્તકોનું વાંચન તેમને ખૂબ પ્રિય હતું. ભગવાનને ખોળી કાઢવાની "ખોજી" દૃષ્ટિથી એમણે કૃષ્ણ ભગવાનની ગીતા વાંચેલી, મહાવીર ભગવાનનાં અને વેદાન્તનાં પુસ્તકો પણ વાંચેલાં તદુપરાંત મુસ્લિમ અને બીજા ધર્મોના પુસ્તકો પણ બાકી રાખ્યાં ન હતાં !

બધાં પુસ્તકોનો મર્મ એ સહેલાઈથી પામી જતા. બધાનો મૂળ આશય એક અવિનાશી ચૈતન્ય તત્ત્વની ઓળખનો અને સનાતન સુખની પ્રાપ્તિનો જ છે,એવી એમણે તારવણી કાઢેલી.આથી એમની "નિષ્પક્ષપાતી" દૃષ્ટિ ખીલતી ગઈ. બધાનો મત પોતપોતાની કક્ષાએ સાચો છે એવું નિષ્પક્ષ રીતે તેઓ સ્વીકારતા.




અંબાલાલભાઈ ૨૩ વર્ષના હતા ત્યારે એમના ભાગીદાર કાંતિભાઈએ એમને શ્રીમદ્ રાજચંદ્રનું "**વચનામૃત**" પુસ્તક આપ્યું. ખૂબ જ રસપૂર્વક એ આખું પુસ્તક વાંચી ગયેલા.






તીર્થંકરો – વીતરાગો સાચા પુરુષો છે અને વીતરાગોનો મત સાચો છે એ એમના દિલમાં વસી ગયું. અને ત્યાર બાદ જીવનમાં જૈન ધર્મના આદર્શરૂપ નાના–મોટા નિયમોનું પાલન ચાલુ કર્યું. જેમકે ઉકાળેલું પાણી પીવું, ચોવિયાર કરવો, કંદમૂળનો ત્યાગ વિગેરે નિયમો ચુસ્તપણે પાળતા. આમ અંબાલાલભાઈને એક નવી જ આધ્યાત્મિક દિશા અને આધાર મળી ગયાં.



ત્યારબાદ પોતાના જીવનમાં આત્મપ્રાપ્તિના ધ્યેય માટે જ સમયની દરેક ક્ષણનો ઉપયોગ કરી લેવાની સાવધાની અંબાલાલભાઈએ કેળવેલી. એકવાર તેઓ હાલોલ પાસેના કોઈ ગામ આગળથી બસ પકડીને મુસાફરી કરવાના હતા.
બસને હજુ કલાકની વાર છે લાવને, જરા ચા-નાસ્તો કરીને પછી બસ સ્ટેન્ડ પર આવું છું.
પણ ચા-નાસ્તો કરી પાછા આવતા સહેજ મોડું થઈ ગયું. જ્યારે તેઓ પાછા આવ્યા ત્યારે એમની નજર સામે જ બસને ઊપડી જતાં જોઈ !
અરે, આ તો બસ ઊપડી ગઈ ! જરા માટે મોડો પડ્યો !
તેઓ ઉતાવળે પગલે ટિકિટબારી પર પહોંચ્યા અને પૂછપરછ કરી.
હવે પછીની બસ ક્યારે આવશે ?
દોઢ કલાક પછી.
અરે ભગવાન ! કલ્યાણ થઈ ગયું આ તો ! હવે બીજી દોઢ કલાક રાહ જોવાની ! બહુ ખોટું થઈ ગયું ! હું તો કલાક પહેલાંનો આવેલો. છતાં આવો ગોટાળો !


હવે દોઢ કલાક કેવી રીતે પસાર કરવો ? કલાકમાં વિચારોના હજારો રિવોલ્યુશન ફરતાં એવા અંબાલાલભાઈને આ દોઢ કલાક તો વીસ કલાક જેવા લાગ્યાં. તે કંઈ સૂઝતું નહોતું ! આમ પાછા મૂંઝાયા કે તરત જ ખીલી આંતરસૂઝ !
કોઈપણ માણસની કે કોઈપણ વસ્તુની રાહ જોવી એના જેવી મૂર્ખાઈ નથી આ દુનિયામાં. રાહ જોવાનો સમય આમ આકુળતા અને ચિંતા કરીને બરબાદ કરીએ તે કેમ ચાલે ?
જેનો છૂટકો જ નથી, એવા આ સંયોગમાં પણ સમયનો સદુપયોગ તો કરી શકાય ને ? લાવ, પદ બોલું.
અંબાલાલભાઈએ તો કૃપાળુદેવનાં ભક્તિનાં પદો બોલવામાં અને તેને ઊંધેથી બોલવામાં સમય પસાર કર્યો.

આમ અંબાલાલભાઈને પદ બોલતી વખતે સમજાયું કે આ બોલતી વખતે આંખ આગળ બધું જ જાણે શબ્દ શબ્દ, અક્ષર, માતર-બાતર બધું સાથે દેખાય છે. નહી તો મન ગોખેલું બોલે તો આ શબ્દો ના દેખાય અને શબ્દો દેખાય છે તે વાંચવામાં ચિત્ત પરોવાયેલું રહે છે. બીજા વિચાર કરતું બંધ થઇ જાય છે. એટલે મન બીજા  વિચાર કરતું બંધ થઈ જાય છે.





અંબાલાલભાઇ પોતાની આ નવા પ્રકારની શોધખોળથી ખુશ થઇ ગયા. આ પછી એમની આકુળતા ગાયબ થઇ ગઇ અને સમયનો સદુપયોગ કર્યાનો સંતોષ થયો. આ રીતે "વાંચીને પદો બોલવાની રીત" એ આપણા સહુને એક અમૂલ્ય દેણ છે.



આ પ્રસંગ પછી જ્યારે કોઇ ટ્રેન કે બસની વાટ જોવાની આવે તો તેમને આકુળતા થતી નહીં. ભક્તિનાં પદોનું પઠન કે ચિંતવન કરવામાં એ સમય તેઓ આનંદપૂર્વક પસાર કરી શકતા. જીવનમાં ક્યારેય પણ બે-ત્રણ મિનિટનો સમય મળે તો તરત જ આત્માની ભક્તિમાં પરોવાઈ જતાં.

નાનપણથી જ અંબાલાલભાઈને સારા સારા માણસોનો સંયોગ થતો રહેતો.એમાં એમને એક સિત્તેર વર્ષના કાકાનું પ્રતિભાશાળી વ્યક્તિત્વ બહુ ગમેલું. એમનામાં જે તેજ હતું એનું રહસ્ય જાણવા અંબાલાલભાઈએ કાકાને પૂછ્યું, “આટલા ઉંમરે આ તેજનું કારણ શું?” ત્યારે કાકાએ કહ્યું “હું મારું જીવન સંયમિત રીતે જીવું છું” અને અંબાલાલભાઈએ આની પાછળ બ્રહ્મચર્યનું જ બળ છે, એવું તારણ કાઢ્યું.



“જિંદગીમાં આવતા દુ:ખોનું મૂળિયું વિષયનું સુખ માણવામાં છે” એ સમજણ દ્રઢ થઈ ગઈ અને એમણે દ્રઢતાપૂર્વક બ્રહ્મચર્ય પાલન કરવાનું ચાલુ કર્યું. એવી પવિત્રતા અને ઊંચા ભાવોને આધારે જ તો તેઓ પોતાના પત્નીને “હીરાબા” કહીને સંબોધતા !

નાનપણથી જ અંબાલાલભાઈને વસ્તુઓ ખરીદવાનો કે વાપરવાનો શોખ નહતો. તે તો આપણે જોયું ને ? મોટા થયા પછી પોતાના ઘરમાં ફોન વસાવવાની વાત પણ તેઓ ટાળતા.




તે જ રીતે પોતાની માલિકીની ગાડી રાખવી પણ એમને ‘ફસામણ’ જ લાગતી.




અંબાલાલભાઈને કોઇ દિવસ વટ પાડવાનો વિચાર આવતો જ નહીં અને એમને આ બધી વગર કામની ઉપાધિઓ લાગતી.



એકવાર જમવામાં કઢી બનાવેલી તેમાં મીઠું જરા વધારે પડી ગયેલું.
આ મીઠું વધારે પડ્યું છે તે કઢી ખાવી શી રીતે ?
“આવી કેવી કઢી બનાવી?” એવું વાંક કાઢીને બોલવાનું કે વઢવાનું તો અંબાલાલભાઈની પ્રકૃતિમાં હતું જ નહીં. એમણે ધીરે રહીને કઢીની વાડકીમાં થોડું પાણી ઉમેરી દીધું. હીરાબા રોટલી પીરસવા આવ્યા અને જોઈ ગયા.
અરેરે... આ શું કર્યું? આ મહીં પાણી રેડ્યું?
તમે સ્ટવ પર તપેલીમાં પાણી રેડો તેમ મેં વાટકીમાં પાણી રેડ્યું ! આ તો બધું મનનું માનેલું છે ને !
તે દા'ડે ચામાં ખાંડ નાખવાનું જ ભૂલી ગયેલી. ત્યારે પણ તમે એવી ને એવી ચા પી ગયેલા ! મને કશું કીધું પણ નહીં કે ખાંડ પણ માંગી નહીં !


અમે તો જે આવ્યું તે ચલાવી લઈએ. સમજી જઇએ કે આજે મારે માટે આવો હિસાબ આવ્યો છે.
એટલે રસોઈ બગડે, ખીચડી કાચી રહે કે દાળ-શાકમાં મીઠું વધારે પડે,તો કોઇ કકળાટ કે બૂમાબૂમ નહીં ! એક અક્ષરેય અંબાલાલભાઈ કહી સંભળાવે નહીં. પોતે પૂરેપૂરું એડજસ્ટમેન્ટ લઇ લે,પણ હીરાબાની આબરૂ બગાડવાની નહીં કે એમને મનદુ:ખ થવા દેતા નહીં.
એક વખત એમના મિત્રે ટકોર કરી.
અરે અંબાલાલભાઈ, તમારા આવા વર્તનથી તો ઘરમાં બધું બગડી જશે !
આજ રસોઇ હીરાબા પણ જમવાના જ છે. એમને ખબર તો પડશે ને ! તમે કાલે જો જો ને ! રસોઇ કેટલી સાવધાનીપૂર્વક બને છે તે. બોલીએ તો વાદવિવાદ થાય અને અળખામણા લાગીએ અને આ તો એમની જાતે જ સુધારી લેશે.
અને સાચે જ, અંબાલાલભાઈની આવી “એડજસ્ટમેન્ટ” લેવાની પદ્ધતિને કારણે હીરાબા રસોઈમાં કોઇ કચાશ ના રહે તે માટે ખૂબ કાળજી રાખતાં.


એક વખત અંબાલાલભાઇ એમના મિત્રો જોડે બેઠેલા,ત્યારે 'ચમત્કાર' વિશે વાત નીકળી.ચમત્કાર કે જાદુગરી જેવું કંઇ ખરેખર હશે કે કેમ? કે પછી એ બધા સહુને મૂરખ બનાવવાના ધંધા છે,એની ઉપર ચર્ચા ચાલી.
અરે ! શું ચમત્કાર ચમત્કાર કરો છો ? એવું તો હું પણ કરી બતાવું. બોલો, કાગળની કઢાઇમાં ભજિયાં તળતા આવડે છે કોઇને ?
અરે, એવું તે હોતું હશે ? કેવી ગાંડા જેવી વાતો કરો છો ?
કેમ નહીં ? હું તમને કાગળની કઢાઇમાં ભજિયાં તળીને બતાવી શકું.
ત્યારે તો લાગી શરત સો–સો રૂપિયાની !
ના, ના, એટલા બધા પૈસા હોડમાં મૂકવાની કંઇ જરૂર નથી. જે હારે તે દસ રૂપિયા કાઢીને બધાને નાસ્તો કરાવે.

વડોદરામાં ન્યાયમંદિરના મોટા સેન્ટ્રલ હોલમાં એક જણની ઓળખાણની મદદથી અંબાલાલભાઇએ પ્રયોગ કરવાનું ગોઠવ્યું. થોડા મિત્રો જોવા ભેગા થયા. અંબાલાલભાઇએ કાગળની કઢાઇ બનાવી અને ભજિયાંનું ખીરું બનાવ્યું.




અંબાલાલભાઇએ તો કાગળની કઢાઇમાં તેલ મૂક્યું અને સ્ટવ સળગાવ્યો. "જાદુમંતર" કરતા હોય એવી રીતે હાથ ઊંચાનીચા કરીને અભિનય કર્યો અને પછી તેલની કઢાઇ સ્ટવ પર ગોઠવી. બધા લોકો અદ્ધર શ્વાસે "હમણાં બળીને ભડકો થશે" એવા ફફડાટ સાથે ઉત્કંઠાથી જોયા કરતા હતા. કોઇ ભડકો થયો નહીં એટલે બધાને લાગવા માંડ્યું કે જરૂર અંબાલાલભાઇ કોઇ જાદુગરીનો મંત્ર બોલ્યા હોવો જોઇએ !



પછી તો તેલ ઉકળ્યું એટલે અંબાલાલભાઇએ ખીરામાંથી એક ભજિયું કઢાઇમાં મૂક્યું. એમ દસ-વીસ ભજિયાં તળીને ઉતાર્યાં અને બધાને ચખાડ્યા.




બાળમિત્રોને ખાસ સૂચના કે ઉપર દર્શાવેલ પ્રયોગ જાતે કોઈપણ સંજોગમાં કરવો નહીં. બહુ જોખમ છે આપણી પાસે અંબાલાલભાઈ જેવી સમજણ તથા આવડત નથી.



દરેક વાતની પાછળ વિજ્ઞાન ખોળી કાઢ્યા વિના એમને જંપ ના વળતો. એમની આવી ખોજી વૃતિને કારણે અધ્યાત્મના કોયડા ઉકેલીને અપૂર્વ વૈજ્ઞાનિક સમજણ એમણે જગત સમક્ષ ખુલ્લી કરી છે.

# Other Products of Balvignan



## Story Books




## Activity Book



## Games




## Picture Book



## VCD/DVD






## Monthly Magazine




kids.dadabhagwan.org



દાદા ભગવાનના નામે પ્રખ્યાત થયેલા અંબાલાલભાઈ મૂળજીભાઈ પટેલ આધુનિક કાળના એક અજોડ આત્મજ્ઞાની પુરુષ હતા. બાળપણથી જ લૌકિક માન્યતાઓ અને અંધશ્રદ્ધાઓમાં ન માનવાવાળા અંબાલાલભાઈમાં ગજબની આંતરસૂઝ અને બોધકળા હતી. તેથી એમને દરેક પરિસ્થિતિમાં તથા મુંઝવણમાં બહાર નીકળવાનો રસ્તો મળી જતો હતો. તેઓના રોજિંદા જીવનના કેટલાય સામાન્ય પ્રસંગોમાં પણ તેમનો અસામાન્ય વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ જોવા મળે છે.

Printed By : Mahavideh foundation (079) 27542964.

BALVIGNAN
Fun 'n' Gnan with Dada

ISBN 978-81-89933-43-2